# નોંધણી માટે આમંત્રણ!

**વિવિધતા - સાર્વભૌમત્વ - ટકાઉપણું - શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ**

# કિસાન સ્વરાજ સંમેલન 2026

પશ્ચિમ અને ઉત્તર ભારતના ખેડૂતો અને ખેડૂત સમુદાયના શુભેચ્છકોનો સંગમ

**જાન્યુઆરી 11, 12 અને 13, 2026 (રવિ-સોમ-મંગળ)**

**લોકનિકેતન રતનપુર (પાલનપુર નજીક, જિ. બનાસકાંઠા, ગુજરાત)**

આયોજિત: એલાયન્સ ફોર સસ્ટેનેબલ એન્ડ હોલિસ્ટિક એગ્રીકલ્ચર (આશા-કિસાન સ્વરાજ)

આયોજન સહયોગ : લોકનિકેતન ટ્રસ્ટ અને જતન

ભારતના પશ્ચિમ અને ઉત્તરીય પ્રદેશો માટે એલાયન્સ ફોર સસ્ટેનેબલ એન્ડ હોલિસ્ટિક એગ્રીકલ્ચર અથવા આશા-કિસાન સ્વરાજ નેટવર્ક દ્વારા છઠ્ઠા કિસાન સ્વરાજ સંમેલનની જાહેરાત કરતાં આનંદ થાય છે. **આ સંમેલન તા. ૧૧, ૧૨ અને ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ (રવિવાર, સોમવાર, મંગળવાર) દરમિયાન લોકનિકેતન, રતનપુર (પાલનપુરથી ૬ કિમી દૂર, જિ. બનાસકાંઠા, ગુજરાત) ખાતે યોજાશે.** આશા-કિસાન સ્વરાજ એ ટકાઉ ખેતી આધારિત આજીવિકાને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોના અધિકારોનું રક્ષણ કરવા મથતું એક અખિલ ભારતીય સ્વયંસેવી અનૌપચારિક પ્લેટફોર્મ છે. આશા કિસાન સ્વરાજ વિશે વધુ માહિતી www.kisanswaraj.in પરથી મળશે.

## કિસાન સ્વરાજ સંમેલન વિશે

આપણે અનેકવિધ મોરચે સ્વતંત્ર રીતે કામ કરતાં હોવા છતાં આપણી સામેના ખેતી વિષયક પડકારો અંગે સહિયારી સમજને પાકી કરવા અને આપણી વચ્ચેના સંબંધોને પુનર્જીવિત કરવા માટે સમયાંતરે આશા કિસાન સ્વરાજ સંમેલનોનું આયોજન કરતું આવ્યું છે! આવાં સમેલનથી આપણાં વિચાર અને કામોમાં એક રીતનો સુમેળ ઊભો થાય છે. આ એવો સંગમ પણ છે જેમાં ભારતમાં ખેતીની આજીવિકા સુધારવા માટેની આપણી સહિયારી મથામણમાં બળ પૂરાવા નવા લોકો, નવા વિચારો, નવતર વિશ્લેષણ, નવી ઉર્જા અને નવી યોજનાઓનો સમન્વય થાય છે. ભૂતકાળમાં, આવા સંમેલનો ભોપાલ (૨૦૧૩), હૈદરાબાદ (૨૦૧૬), અમદાવાદ (૨૦૧૮) અને મૈસૂર (૨૦૨૨)માં યોજાયા હતા. આશા ચંદીગઢ (૨૦૧૫)માં OFAI (ઓર્ગેનિક ફાર્મિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા) દ્વારા યોજેલ દ્વિવાર્ષિક સજીવ ખેતી મિલનનું સહભાગી પણ બન્યું હતું.

કિસાન સ્વરાજ સંમેલનો (KSS) ખાસ કરીને ભારતના કૃષિ-પર્યાવરણના મુદ્દે અને ખેડૂતોના અધિકારો માટે કામ કરતાં મિત્રોને એક મંચ પર લાવવાનો પ્રયાસ છે. આ સંમેલનોમાં અગ્રણી પ્રાકૃતિક ખેડૂતો, નાગરિક સમાજના પ્રતિનિધિઓ, કર્મશીલો, એકેડેમિશીયન, વિજ્ઞાનીઓ, સામાજિક ઉદ્યોગસાહસિકો, લેખકો, પત્રકારો, કલાકારો વગેરે ભાગ લેતા હોય છે. આ અભિયાન ગ્રાહકોની પસંદગી અને નાગરિકોને સલામત, પૂરતો, વૈવિધ્યસભર અને પૌષ્ટિક ખોરાકના અધિકાર વિશે પણ ચિંતિત છે; સંમેલનમાં ગ્રાહકો અને સામાન્ય નાગરિકો પણ મોટી સંખ્યામાં ભાગ લેતા હોય છે. આપણાં સંમેલનો ખેડૂતોની સ્વાયત્તતા અને સાર્વભૌમત્વ, આર્થિક સમૃદ્ધિ, સામાજિક સમાનતા અને પર્યાવરણીય ટકાઉપણાને કેન્દ્રમાં રાખીને નાગરિક-આંદોલનના મૂલ્યો, દ્રષ્ટિકોણ, અનુભવ અને જ્ઞાનને પ્રતિબિંબિત કરે છે. આ સંમેલનોમાં જમીની સ્તરના ઉકેલોની આપ-લે કરવાની તક પૂરી પાડે છે.

આ વખતે અમે એક નવા ફોર્મેટનો પ્રયાસ કરી રહ્યા છીએ, જેમાં એક રાષ્ટ્રીય સંમેલનને બદલે ત્રણ પ્રાદેશિક સંમેલનોનો થશે. લોકનિકેતન રતનપુરમાં યોજાનાર આ પશ્ચિમ અને ઉત્તર ભારતના **આ સંમેલનમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગોવા, મધ્યપ્રદેશ, દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ, કાશ્મીર અને લદ્દાખના સહભાગીઓને આ આમંત્રણ અપાઈ રહ્યું છે.** તે પછી દક્ષિણ અને પૂર્વીય રાજ્યોના સંમેલનો યોજાશે.

## -: કોઈ પણ સમસ્યા, પૂછપરછ કે સૂચના માટે સંપર્ક :-

**ઈ-મેઈલ:** kisanswarajsammelan2026@gmail.com

**ફોન:** 9962043710 (બપોરે 2 થી રાત્રે 8.30 સુધી)

## આ વખતના સંમેલનમાં ભારતની ખેતીમાં ઉભરતા ચાર મુદ્દાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાશે.

1. **બીજ સાર્વભૌમત્વ:** સૂચિત બીજ ખરડો 2025ની ખેડૂતો પર થનાર અસર, પાકની જાતો અને ખેડૂતોના અધિકાર સંરક્ષણ (PPV&FR) અધિનિયમ 2001માં પ્રસ્તાવિત સુધારા તથા ખોરાક અને કૃષિ માટે છોડ આનુવંશિક સંસાધનો પર આંતરરાષ્ટ્રીય સંધિ (ITPGRFA-જેને પ્લાન્ટ ટ્રીટી તરીકે પણ ઓળખવામાં આવે છે) ને કારણે આપણા ખેડૂતો/રાષ્ટ્રની બીજ સાર્વભૌમત્વ અને તેથી આપણા ખાદ્ય સાર્વભૌમત્વને માટે ઊભું થનાર જોખમ.

2. **HT પાક/નીંદણ વ્યવસ્થાપન:** ભારતના બીજ બજારમાં હવે ત્રણ જનીન રૂપાંતરણ વિનાની હર્બિસાઇડ ટોલરન્ટ (નોન-GM HT) જાતો અને જીનોમ એડિટેડ ચોખાની જાતો બહાર પાડવામાં આવી રહી છે. આ બંને પ્રકારની જાતો અધૂરી નિયમન વ્યવસ્થા, ખંડિત વિજ્ઞાન અને બિન લોકતાંત્રિક નીતિ-નિયમોને આધારે તૈયાર કરાઈ છે. તેને કારણે સજીવ/પ્રાકૃતિક ખેતીની વિભાવના, ધોરણો અને પદ્ધત્તિઓ નેવે મૂકાશે અને અમુક પાકોની સજીવ ખેતી અશક્ય બનશે.

3. **ખેતીમાં શ્રમ:** કૃષિમાં માનવ અને પ્રાણીજન્ય શ્રમ જટિલ ફેરફારોમાંથી પસાર થઈ રહ્યા છે અને કૃષિ મજૂરો, ખેડૂતો, પર્યાવરણ અને પશુધન માટે ફાયદાકારક ઉકેલ માટે વ્યવહારુ અને નીતિગત ઉકેલો શોધવાની જરૂર છે;

4. **માનવ-વન્ય પ્રાણી સંઘર્ષો:** તે વધી રહ્યા છે, ખેડૂતોના જીવન, પાક અને પશુધન પર વન્યજીવોના હુમલાઓ નુકસાન અને ઝઘડા ઊભાં કરે છે, જેના માટે નીતિ સ્તર અને વ્યવહાર સ્તર બંનેના ઉકેલોની જરૂર છે.

## સંમેલનનું સ્વરૂપ

સંમેલનમાં વક્તાઓ અને નિષ્ણાતો સાથે પૂર્ણ સત્રો અને સમાંતર સત્રો હશે. ઉપરાંત બીજ વિવિધતા મહોત્સવ, ઓર્ગેનિક ફૂડ, પ્રદર્શન અને સંબંધિત વિષયો પર વ્યવહારુ નિદર્શનો, જાહેર વ્યાખ્યાનો અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સમાંતર સત્રો સંમેલનની મુખ્ય પ્રવૃત્તિ હશે જેથી ચર્ચાઓ સહભાગી બને. મુક્ત-પ્રવાહવાળી અનૌપચારિક ચર્ચાઓ માટે ખુલ્લા મંચનો પણ પ્રયાસ કરવામાં આવશે. આવા મિલનો વૈચારિક આપ-લે, પરસ્પર શિક્ષણ, નેટવર્કિંગ અને માર્કેટિંગની તકો ઊભી કરે છે.

## સંમેલનમાં કઈ રીતે ભાગ લેવો?

એ નોંધવું જરૂરી છે કે **આશા અને જતન કોઈ સરકારી ગ્રાન્ટ, પ્રોજેક્ટ ફંડ, વિદેશી ભંડોળ અને કોર્પોરેટ સ્પોન્સરશિપ પર આધાર રાખતાં નથી.** આશા કિસાન સ્વરાજ કાર્યક્રમોની પરંપરા મુજબ આપણે આ કાર્યક્રમને શક્ય તેટલો સ્વ-નિર્ભર બનાવવા માંગીએ છીએ તેથી **આ યજ્ઞકાર્યમાં સહયોગરૂપે જરૂરી શુલ્ક સાથે પૂર્વ નોંધણી દ્વારા જ સંમેલનમાં ભાગ લઈ શકાશે.** રિસોર્સ પર્સન અને બધા આયોજકો સહિત તમામ સહભાગીઓએ નોંધણી શુલ્ક ચૂકવે તે જરૂરી છે.

1. **આયોજકો એનું ધ્યાન રાખે છે કે નોંધણી શુલ્કની મર્યાદાને લીધે કોઈ નાનો ખેડૂત ભાગ લેવાથી વંચિત ન રહે.**
2. નોંધણી શુલ્કમાં કન્વેન્શન કીટ, ખૂબ જ મૂળભૂત અને સહિયારો નિવાસ, ઓર્ગેનિક ખોરાક, તમામ બેઠકો અને સત્રો, ઉત્સવો, પ્રદર્શનો અને વર્કશોપની મુલાકાતો અને ભાગ લેવાની છૂટનો સમાવેશ થાય છે. તેમાં મુસાફરીનો કોઈ ખર્ચ આપવામાં આવતો નથી કે તેનો સમાવેશ થતો નથી.
3. પોતાની અલાયદી નિવાસ વ્યવસ્થા ઇચ્છનાર પાલનપુર શહેરની કોઈ હોટેલમાં બૂકિંગ કરાવી શકે છે. પણ તેમણે શુલ્કમાં કોઈ રાહત મળશે નહીં. અને તેમને માટે આયોજક દ્વારા કોઈ દૈનિક પરિવહન વ્યવસ્થા કરી શકાશે નહીં.
4. વ્યક્તિગત ભાગીદારી માટે નોંધણી ફી અને ચુકવણીની વિગતો છેલ્લા પાના પર આપવામાં આવી છે.

## સંમેલન દરમ્યાન પ્રદર્શન અને સ્ટોલ

પ્રાકૃતિક/સજીવ ખેતી કરતાં ખેડૂતો, ખેડૂત જૂથો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ખાનગી ઉદ્યોગસાહસિકો, સરકારી અને અર્ધ-સરકારી વિભાગો માટે કેટલાક પ્રદર્શન સ્ટોલ રાખવામાં આવશે. તેઓ તેમની સજીવ ખેતીની પેદાશો વેચી શકશે, તેમની પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ્સ પ્રદર્શિત કરી શકશે, ખેતીના સાધનો, નાના પ્રોસેસિંગ એકમો, પુસ્તકો, સાહિત્ય અને અન્ય સામગ્રી પ્રદર્શિત કરી શકશે અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપી શકશે.

1. પ્રદર્શન સ્ટોલ રાખવા ઇચ્છનારે છેલા પેજ પર આપેલ વિગત અને લિંક ઉપર ફોર્મ ભરવાનું રહેશે અને પ્રદર્શન નોંધણી ફી જમા કરાવવી પડશે.
2. ટેકનિકલ સમિતિ જરૂરી દસ્તાવેજો, ઉત્પાદન નમૂનાઓ, વાસ્તવિક ખર્ચ, વેચાણ કિંમતો અને અન્ય માહિતીની સમીક્ષા કર્યા પછી અને સંતુષ્ટ થયા પછી જ સ્ટોલ ફાળવશે.
3. સ્ટોલ ૫૦ થી ૭૦ ચોરસ ફૂટના કદના હશે, જેમાં બે ખુરશીઓ, બે ટેબલ, એક લાઇટ અને ૫-Amp પ્લગ પોઈન્ટ હશે. કિસાન હાટ માટે એક ટેબલ જગ્યા પૂરી પાડવામાં આવશે.
4. ફક્ત સાચા કુદરતી/સજીવ ખેડૂતો, નાના FPO, અથવા સરકારી કૃષિ યુનિવર્સિટીઓ/સંસ્થાઓને જ ખેત સામગ્રી (ઇનપુટ્સ) પ્રદર્શિત કરવાની અને વેચવાની મંજૂરી આપવામાં આવશે, અને અન્ય કોઈને નહીં.
5. આયોજકો કોઈપણ કારણ આપ્યા વિના સ્ટોલ અથવા ટેબલની જગ્યા ફાળવવાનો ઈન્કાર કરવાનો અને જો પૂરી પાડવામાં આવે તો પણ સ્ટોલ અથવા ટેબલ જગ્યા પાછી ખેંચી લેવાનો અધિકાર અનામત રાખે છે.
6. છેલ્લા પેજ પર આપેલ કોષ્ટકમાં વિગતવાર જણાવ્યા મુજબ શ્રેણી ૧ અને ૨ હેઠળ પ્રતિ સ્ટોલ/ટેબલ બે વ્યક્તિ માટે અને શ્રેણી ૩ અને ૪ હેઠળ એક વ્યક્તિ સંમેલનમાં વિના મૂલ્યે ભાગ લાઈ શકશે.

**સંમેલન અને પ્રદર્શનમાં પ્લાસ્ટિક કેરી બેગ, ફ્લેક્સ બેનરો અને થર્મોકોલનો ઉપયોગ પ્રતિબંધિત છે.**

**કચરો ગમે ત્યાં ફેંકવાની સખ્ત મનાઈ છે.**

કૃપા કરીને નોંધી લેશો કે નોંધણી કરાવનારાઓ સંપૂર્ણ અને સચોટ માહિતી આપશે તો જ નોંધણી કરવામાં આવશે. જો સંમેલનની ક્ષમતા નિયત તારીખ પહેલાં ભરાઈ જાય તો આયોજકોને નોંધણી વહેલા બંધ કરવાનો અધિકાર અનામત છે.

**નિવાસના દિવસોની મર્યાદા:** સંમેલનનો કાર્યક્રમ 11 જાન્યુઆરી, 2026ના રોજ સવારે 9:30 થી 13 જાન્યુઆરીના રોજ બપોરે 3 વાગ્યા સુધી ત્રણ દિવસનો છે. આયોજકો 10 જાન્યુઆરી, 2026ના રોજ સાંજે 6 વાગ્યાથી 13 જાન્યુઆરી, 2026ના રોજ સાંજે 6 વાગ્યા સુધી લોક નિકેતન, રતનપુર ખાતે ત્રણ દિવસ માટે રહેવાની વ્યવસ્થા અને ભોજન પૂરું પાડશે. જો ખાસ સૂચના આપવામાં ન આવી હોય અને ખાસ વ્યવસ્થા કરવામાં ન આવી હોય તો સંમેલનના બધા સહભાગીઓએ 13 જાન્યુઆરી, 2026ના રોજ સાંજે 6 વાગ્યા સુધીમાં તેમના રહેઠાણ ખાલી કરવા પડશે. ટ્રેનના સમયપત્રકના આધારે, આ સમયમર્યાદા પહેલાં અને પછી ખેડૂતો માટે રહેવાની વ્યવસ્થા ધ્યાનમાં લઈ શકાય છે. આવા કિસ્સામાં, ખેડૂતોને સ્થળાંતર કરવું પડી શકે છે અને/અથવા વધુ ચૂકવણી કરવી પડી શકે છે. ખેડૂતો પર વધારાનો નાણાંકીય બોજ ન પડે તે માટે આયોજકો તમામ પ્રયાસો કરશે, પરંતુ આની ખાતરી નથી. સમયમર્યાદા પહેલાં કે પછી નિવાસ વ્યવસ્થાની જરૂરી હોય તો તેની જાણ નોંધણી સમયે કરવી આવશ્યક છે.

**નોંધણી ખાતરી પત્ર મોકલવામાં આવશે.**

**આયોજકો 8 જાન્યુઆરી, 2026 પહેલાં નોંધણી ખાતરી પત્ર અને અન્ય વ્યવસ્થાની માહિતી મોકલશે. દરેકને વિનંતી છે કે નોંધણી ખાતરી પત્રની રાહ જોયા વિના તેમની ટિકિટ બુક કરાવી લેવી.**

## સમગ્ર લોક નિકેતન કેમ્પસમાં ધૂમ્રપાન/તમાકુનું સેવન પ્રતિબંધિત છે.

**ભૂતકાળના કિસાન સ્વરાજ સંમેલનોની ઝાંખી:**

અમદાવાદના ગુજરાત વિદ્યાપીઠમાં 2018ના સંમેલનનો કાર્યક્રમ સમયપત્રક અને ચિત્રો https://tinyurl.com/KSS2018Schedule અને https://photos.app.goo.gl/wP1WHJjU364msarK8 પર ઉપલબ્ધ છે.

મૈસુરના કર્ણાટક રાજ્ય ઓપન યુનિવર્સિટીમાં 2022 ના સંમેલનનો કાર્યક્રમ સમયપત્રક અને ચિત્રો https://tinyurl.com/KSS2022Schedule અને https://photos.app.goo.gl/oKr3SfwgyuFFiwKH9 પર ઉપલબ્ધ છે.

## સંમેલન સ્થળ લોક નિકેતન, રતનપુર જવા માટે પાલનપુર કેવી રીતે પહોંચવું?

પાલનપુર જંકશન (સ્ટેશન કોડ PNU) ટ્રેન દ્વારા દેહરાદૂન, હિસાર, ફિરોઝપુર, જોધપુર, દિલ્હી, જયપુર, મુંબઈ, પુણે, ચેન્નાઈ, બેંગ્લોર, નાગપુર અને અમદાવાદ જેવા સ્થળો સાથે સીધું જોડાયેલ છે.

લોક નિકેતન, રતનપુર અમદાવાદથી રસ્તા માર્ગે 150 કિલોમીટર દૂર છે. દક્ષિણ રાજસ્થાનમાં ઉદયપુરથી રસ્તા માર્ગે 200 કિલોમીટર દૂર છે. મધ્યપ્રદેશના લોકો વડોદરા/અમદાવાદમાં ટ્રેન બદલીને સંમેલનમાં પહોંચી શકે છે. જો સીધી ટ્રેન ઉપલબ્ધ ન હોય તો મહારાષ્ટ્રના લોકો મુંબઈ/સુરતમાં ટ્રેન બદલીને પણ સંમેલનમાં પહોંચી શકે છે. નજીકનું એરપોર્ટ અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે. નજીકનું રેલ્વે સ્ટેશન સાબરમતી છે, જ્યાંથી હવાઈ મુસાફરો પાલનપુર માટે ટ્રેન પકડી શકે છે.

પાલનપુરથી સંમેલન સ્થળ સુધી પહોંચવા માટેની વિગતો નોંધણી ખાતરી પત્રમાં મોકલવામાં આવશે.

## નોંધણી માટે શુલ્ક અને લિંક

**નોંધણીની છેલ્લી તારીખ: 3 જાન્યુઆરી, 2026**

| ભાગ લેનારનો પ્રકાર | | શુલ્ક (રુપિયા) પ્રતિ વ્યક્તિ |
|---|---|---|
| **વ્યક્તિગત/ જૂથમાં ભાગ લેવા:** https://sammelan.kisanswaraj.in/home | | |
| 1 | પગારદાર, શહેરમાં રહેનારાં પ્રોફેશનલ, વિજ્ઞાની, સંશોધક, સરકારી કર્મચારી | 3500 |
| 2 | ખેતી સિવાયની આવક પણ હોય તેવા ખેડૂતો, મીડિયા પ્રતિનિધિ, સંગઠન પ્રતિનિધિ, ખેડૂત સંગઠનના પ્રતિનિધિ | 2500 |
| 3 | માત્ર ખેતીની જ આવક હોય તેવા ખેડડૂતો અને વિધ્યાર્થીઓ | 1500 |
| 4 | મહિલા ખેડૂતો | 800 |
| 5 | શુલ્ક ભરી ન શકે તેવા સજીવ/પ્રાકૃતિક ખેડૂતો | જાતે પકાવેલ 8 કિલો અનાજ કે 5 કિલો કઠોળ |
| **પ્રદર્શનમાં સ્ટોલ/ટેબલ રાખવા:** https://sammelan.kisanswaraj.in/home | | |
| 1 | ખાનગી ઉધ્યોગ સાહસિકો, અર્ધ-સરકારી અને સરકારી વિભાગ | 15000 સ્ટોલ દીઠ |
| 2 | 12A પ્રમાણપત્ર ધરાવનાર સ્વૈચ્છિક સંસ્થાઓ | 10000 સ્ટોલ દીઠ |
| 3 | ખેડૂત સમૂહ: એફપીઓ, સહકારી સંસ્થાઓ, સ્વયં સહાય જૂથ, માઇક્રો ક્રેડીટ સમૂહ | 6000 સ્ટોલ દીઠ |
| 4 | કિસાન હાટ : માત્ર સજીવ/પ્રાકૃતિક ખેતી આધારે જીવનાર વ્યક્તિગત ખેડૂતો | 2000 ટેબલ દીઠ |